

# GVKની રિકવરી માટે સિન્ડિકેટ બેન્કે નવા વિકલ્પો વિચારવા પડશે

**સીઆર સુકુમાર**

**હૈદરાબાદ**

જીવીકે પાવર એન્ડ ઇન્ફ્રાસ્ટ્રક્ચર પાસેથી ₹૧૭૫ કરોડની વસૂલાત માટે જમીનની હરાજી કરવા સંભવિત ખરીદદારો તરફથી પ્રતિક્રિયા ન મળતાં સિન્ડિકેટ બેન્ક હવે તેનું દેવું વસૂલવા નવેસરથી વિકલ્પો ચકાસી રહી છે. દેવાના બોજ હેઠળ દબાયેલા જીવીકે ગ્રૂપને આ મહિનાની શરૂઆતમાં સિન્ડિકેટ બેન્કે નોટિસ ફટકારતાં તેની એસેટની હરાજી થવાની શક્યતા હતી. તામિલનાડુમાં જીવીકે પેરામ્બલુર સ્પેશિયલ ઇકોનોમિક ઝોન ખાતે ૨,૫૦૦ એકરથી વધારે જમીનને હરાજીમાં મૂકવાની હતી.

આ હરાજી સોમવારે કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું પરંતુ બેન્કને જીવીકે ગ્રૂપની જમીન અસ્કામતોના સંભવિત ખરીદદારો તરફથી બિડ રજૂ કરવાની છેલ્લી તારીખ સુધીમાં કોઈ બિડ મળી ન હતી. જોકે, જીવીકેના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, કંપનીએ સિન્ડિકેટ બેન્ક સાથેની પ્રશ્નને હલ કરવા માટે પગલાં ભર્યાં છે તથા ઉમેર્યું હતું કે, કંપનીએ પ્રથમ હપતો ભરી પણ દીધો છે અને હરાજીની પ્રક્રિયા અટકી ગઈ છે.

હૈદરાબાદમાં વડુંમથક ધરાવતા જીવીકે ગ્રૂપે દેવાને ઘટાડવા માટે બે એરપોર્ટ્સ સહિત વિવિધ અસ્કામતોના વેચાણ માટે જેએસડબલ્યુ ગ્રૂપ સહિત ઘણા સંભવિત ખરીદદારોનો સંપર્ક કર્યો હોવાના અહેવાલો હતા. ઉલ્લેખનીય છે કે, બેન્કોને બેડ લોનની રિકવરીની સમસ્યા હાલ સૌથી વધુ પરેશાન કરી રહી છે.